1. વિરલ સંસાધનની વ્યાખ્યા આપો. (March 19)

➢ થોડાંક સ્થળેથી જ પ્રાપ્ત થતાં તેવાં ખનીજ સંસાધનોને વિરલ સંસાધનો કહે છે. જેવાં કે સોનું, યુરેનિયમ, થોરિયમ વગેરે.

2. ગ્રેફાઇટ કયા પ્રકારની ખનીજ છે?

➢ ગ્રેફાઈટ એધાત્વિક પ્રકારની ખનીજ છે.

3. ભૂમિગત જળ એટલે શું?

➢ નદી, સરોવરો, સમુદ્રો વગેરે જળસ્વરૂપોમાંથી પણ પાણીનો કેટલોક ભાગ ધીરે ધીરે ખડકોના સાંધા, છિદ્રો, તિરાડો, ફાટો વાટે અછિદ્રાળુ ખડક સ્તરોમાં એકત્રિત થાય છે, તેને 'ભૂમિગત જળ' કહે છે.

4. નર્મદા નદી પર કઈ યોજના તૈયાર થઈ છે?

➢ નર્મદા નદી પર સરદાર સરોવર યોજના તૈયાર થઈ છે.

5. પૃષ્ઠીય જળ કોને કહે છે?

➢ વરસાદનું પાણી ઝરણાં અને નદીઓ સ્વરૂપે વહે છે. તળાવો અને સરોવરોમાં વરસાદી જળનો સંગ્રહ થાય છે. સપાટી પરના સંગ્રહ પામેલા જળને પૃષ્ઠીય જળ કહે છે.

6. વિશ્વમાં સૌથી વધુ પૃષ્ઠીય જળનો જથ્થો ક્યા દેશોમાં છે?

➢ વિશ્વમાં સૌથી વધુ પૃષ્ઠીય જળનો જથ્થો યુ.એસ.એ. અને કેનેડાની સરહદે આવેલાં વિશાળ સરોવરોમાં સમાયેલો છે.

7. જળપ્રાપ્તિના ત્રણ સ્રોત કયા કયા છે ?

➢ જળપ્રાપ્તિના ત્રણ સ્રોત છે : (1) વૃષ્ટિ જળ, (2) સપાટી જળ અને (3) ભૂમિગત જળ,

8. ભારતમાં મોટી નદીઓ કઈ છે?

➢ ભારતમાં ગંગા, સતલુજ, બ્રહ્મપુત્ર , નર્મદા, ગોદાવરી, ઉના, મહાનદી વગેરે મોટી નદીઓ છે.

9. બાકરાજંગલ બંધ કઈ નદી પર છે ?

➢ ભાકરાનગલ બંધ સતલજ નદી પર છે.

10. બાકરાજંગલ બંધ કઈ નદી પર છે?

➢ ભાકરાનગલ બંધ સતલજ નદી પર છે.

11. મહાનદી પર કયો બંધ છે?

➢ મહાનદી પર હીરાકુડ બંધ છે,

12. પુનઃપ્રાપ્ય સંસાધન કોને કહે છે ?

➢ પુનઃપ્રાપ્ય સંસાધનો જેનો ઉપયોગ એક વાર કર્યા પછી થોડા સમયમાં પુનઃપ્રાપ્ત કરી શકાય એવાં સંસાધનોને પુનઃપ્રાપ્ત સંસાધન કહે છે. જેમ કે જંગલોનાં વૃક્ષો, કુદરતી ખાતર વગેરે.

13. પુનઃઅપ્રાપ્ય સંસાધન એટલે શું?

➢ પુનઃઅપ્રાપ્ય સંસાધન એટલે કે જેનો એક વાર ઉપયોગ કર્યા પછી ફરી તેનું સર્જન નજીકના ભવિષ્યમાં શક્ય નથી. જેમ કે ખનીજ કોલસો, ખનીજ તેલ વગેરે.

14. સંસાધનની વ્યાખ્યા લખો.

➢ પૃથ્વી ઉપર મળી આવતા કુદરતી પદાર્થો કે જેનો ઉપયોગ માનવીએ પોતાના વિકાસ માટે કર્યો હોય એવા પદાર્થોને સંસાધન કહે છે.

15. માલિકીની દષ્ટિએ સંસાધનના પ્રકાર જણાવો.

➢ માલિકીની દષ્ટિએ વ્યક્તિગત કે પરિવારની માલિકીનાં સંસાધન, રાષ્ટ્રીય સંસાધન અને વૈશ્વિક સંસાધન,

16. સનાતન પ્રાકૃતિક સંસાધનની વ્યાખ્યા આપી, ઉદાહરણ લખો.

➢ કેટલાંક પ્રાકૃતિક સંસાધનોનો ઉપયોગ કરવા છતાં તેમાં ઘટાડો થતો નથી, તેને સનાતન પ્રાકૃતિક સંસાધન કહે છે. સૌરશક્તિ, મહાસાગરોનાં જળ અને વાતાવરણ એ સનાતન સંસાધનો છે.

17. એકલ સંસાધનની વ્યાખ્યા લખો. (March 19)

➢ સમગ્ર વિશ્વમાં માત્ર એકાદબે સ્થાનો પર ઉપલબ્ધ હોય એવાં સંસાધનોને એકલ સંસાધન કહે છે, જેમ કે ક્રાયોલાઇટ ધાતુ એ એકલ સંસાધન છે, જે માત્ર ગ્રીનલૅન્ડમાંથી મળે છે.

18. સામાન્ય સુલભ સંસાધનનાં ઉદાહરણો આપો.

➢ જમીન, જળ, ચરાણભૂમિ વગેરે સામાન્ય સુલભ સંસાધનનાં ઉદાહરણો છે.

19. વિશ્વની સૌથી લાંબી નદી કઈ છે?

➢ નાઈલ નદી (ઇજિપ્ત) વિશ્વની સૌથી લાંબી નદી છે.

20. નાગાર્જુન સાગરબંધ કઈ નદી પર છે?

➢ નાગાર્જુન સાગરબંધ કૃષ્ણા નદી પર છે.

21. હરિદ્વાર કઈ નદીના કિનારે આવેલું છે?

- હરિદ્વાર ગંગાનદીના કિનારે આવેલું છે.

22. જમીન અને ભૂમિ વચ્ચે કયો તફાવત છે?

- ખેતીના ઉપયોગમાં આવતા ભૂમિભાગને જમીન કહે છે અને કૃષિ સિવાય અન્ય ઉપયોગ થતો હોય ત્યારે તેને ભૂમિ કહે છે.

23. માનવી ભૂમિનો ઉપયોગ શામાં કરે છે?

- રહેઠાણ, પરિવહન માર્ગો, ઉદ્યોગો, ઉપવનો, જળાશયો વગેરે બનાવવા માનવી ભૂમિનો ઉપયોગ કરે છે.

24. ખેતીલાયક જમીનમાં ઘટાડો થવાનાં કારણો કયાં છે?

- શહેરીકરણ, ઓદ્યોગિકીકરણ, સડકમાર્ગો અને રેલમાર્ગોનું બાંધકામ વગેરેના પરિણામે ખેતીલાયક જમીનમાં ઘટાડો થવા લાગ્યો છે.

25. અયસ્ક (ore) એટલે શું?

- પૃથ્વીના આંતરિક ક્ષેત્રોમાંથી ખનીજ શુદ્ધ સ્વરૂપે મળતી નથી. તેમાં અશુદ્ધિઓ ભળેલી હોય છે, તેથી તેને અયસ્ક કહે છે.

26. કોલસાના ઉપયોગથી ક્યા વાયુઓ વાતાવરણમાં મળે છે?

- કોલસાના ઉપયોગથી કાર્બન ડાયોક્સાઇડ અને કાર્બન મોનૉક્સાઇડ વાયુ વાતાવરણમાં ભળે છે.

27. સાગરીય સંસાધનમાં કઈ બાબતોનો સમાવેશ થાય

- સાગરીય જળ, તેમાં રહેતાં પ્રાણીઓ, વનસ્પતિ, સાગરીય નિક્ષેપ, જૈવિક અને અજૈવિક પદાર્થો, તરંગઊર્જા, ભરતીઊજી લે સાગરીય સંસાધનમાં સમાવેશ થાય છે.

28. સાગરીય સંસાધનોનું માત્ર વર્ગીકરણ આપો.

- સાગરીય સંસાધનોનું વર્ગીકરણ આ પ્રમાણે છે કે (1) સાગરીય જૈવિક સંસાધનો, (2) સાગરીય ખનીજ સંસાધનો અને (3) ઊર્જાસંસાધનો.

29. વ્યાપારિક ધોરણે ડેરીઉદ્યોગ કયા દેશોમાં વિકસ્યો છે?

- વ્યાપારિક ધોરણે ડેરીઉદ્યોગ યુ.એસ.એ., કેનેડા, ફ્રાન્સ, ભારત, નેધરલૅન્ડ, ડેન્માર્ક, બેલ્જિયમ, આર્જેન્ટિના વગેરે દેશોમાં થાય છે.

30. મેરિનો ઘેટાં ક્યાં ઉછેરવામાં આવે છે?

- ઑસ્ટ્રેલિયામાં મેરિનો ઘેટાં ઉછેરવામાં આવે છે.

31. ભારતમાં ઊનમાંથી ગરમ કપડાં બનાવવાનો ઉદ્યોગ કયાં શહેરોમાં વિકસ્યો છે ?

- ભારતમાં ઊનમાંથી ગરમ કપડાં બનાવવાનો ઉદ્યોગ અમૃતસર, લુધિયાણા, શ્રીનગર, વારાણસી, આગરા વગેરે શહેરોમાં વિકસ્યો છે.

32. સિંચાઈ માટેની ઉત્તમ પદ્ધતિઓ કઈ છે?

- ટપક, ફુવારા, માઇક્રો ઇરિગેશન વગેરે સિંચાઈ માટેની ઉત્તમ પદ્ધતિઓ છે.